Wednesday
10.08.2022
*Volume :7 * Issue No.08
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ઝાલોદમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં વિશ્વ આદિવાસી દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી

## રાજ્યના અન્ય ૨૬ સ્થાનોએ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમા વિધાનસભા અધ્યક્ષ સહિત રાજ્ય મંત્રી મંડળના મંત્રીશ્રીઓ સહભાગી થયા











કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, આદિવાસીઓનો સામાજિક, આર્થિક વિકાસએ હંમેશા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા છે. આદિજાતિ વિસ્તાર દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ આદિવાસી દિવસની રાજયવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતા રાજ્યના આદિજાતિ વિસ્તારો માટે રૂ. ૧૬૦૦ કરોડના ૫૬૯૦ જેટલા વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઝાલોદમાં વિશ્વ આદિવાસી દિનની રાજ્ય કક્ષાની ઉજવણી સાથે રાજયના વિવિધ આદિજાતી વિસ્તારોમાં ૨૬ સ્થાનો પર એક સાથે થયેલી ઉજવણીમાં વિધાનસભાના અધ્યક્ષ સહિત મંત્રી મંડળના સભ્યો સહભાગી થયાહતા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શરૂ કરેલી વનબંધુ કલ્યાણ યોજનાને તેજ ગતિથી અમે આગળવધારીરહ્યા છીએ એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું છેલ્લા બે દાયકામાં રાજ્યના આદિવાસી સમાજના વિકાસ માટે બજેટમાં ૨૬ ગણો માતબર વધારો કર્યોછે. આદિવાસીઓના રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ માટે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે તેની ભૂમિકા તેમણે આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર છેલ્લા બે દાયકાથી સતત કર્તવ્યરત છે. આ બેદાયકામાં રૂ. ૨૦૭૪૫ કરોડના વિકાસ કામો થકી આદિવાસીઓનું જીવન વધુ સરળ બનાવ્યું છે અને તેમને વિકાસના રાહ પર લાવ્યા છીએ. આદિજાતિ વિભાગના બજેટમાં ક્રમશઃ જંગી વધારો કરીને વર્ષ ૨૦૨૧ ૨૨ માં રૂ. ૨૬૫૬.૪૦ કરોડની આદિજાતિ બાંધવો માટે જોગવાઈ કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિ વિભાગના વિવિધ યોજનાકીય લાભોનું લાભાર્થીઓને વિતરણ કરવા સાથે બિરસા મુંડા યુનિવર્સિટીના લોગોનું અનાવરણ અને તેજસ્વી છાત્રોનું બહુમાન પણ કર્યું હતું. આદિવાસી વિસ્તારોમાં થયેલા જનકલ્યાણના કામોની ભૂમિકા આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વનબંધુ કલ્યાણ યોજના અમલી બનાવી ગુજરાતમાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસના દ્વાર ખોલી આપ્યા છે. આદિવાસીઓના રોજગાર, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓ માટે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડનો ખર્ચ કર્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે, પેસા કાયદાનો સુદ્રઢ અમલ કરી અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી પટ્ટાના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ૪ હજાર કરતા વધુ ગામોના ૯૦ લાખ આદિવાસીઓને વિશેષ અધિકારો આ સરકારે આપ્યા છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, શહેરોમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓ માટે ખાસ છાત્રાલયો, એકલવ્ય અને મોડેલ સ્કૂલ્સ, ગોધરામાં ગોવિંદ ગુરુ અને રાજપીપળામાં બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ કરી આદિવાસી છાત્રો માટે શિક્ષણના નવા આયામો આપવામાં આવ્યા છે. ગુજરાતની આદિવાસી સંસ્કૃતિને દેશવિદેશના પ્રવાસીઓ માણે તે માટે કેવડિયા ખાતે રૂ. ૧૩૦ કરોડના ખર્ચે નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ બનાવવામાં આવી રહ્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું. આદિવાસી જિલ્લાના ૧૧ લાખ એકર વિસ્તારને વિવિધ સિંચાઈ યોજનાનો લાભ આપી હરિયાળા બનાવવા સાથે આદિવાસી વિસ્તારના ૯૮ ટકા રેવન્યુ ગામોને પાકા રસ્તાથી જોડવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ આદિવાસી બંધુઓને વિકાસના વર્તમાનપ્રવાહો સાથે જોડી ટ્રાયબલ ડેવલપમેન્ટનું એક નવું મોડેલ દુનિયાને આપ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે. ભારતને અંગ્રેજ શાસનમાંથી આઝાદ કરવામાં આદિવાસી બાંધવોનું બલિદાન અનન્ય રહ્યું છે. રાજ્ય સરકારે આદિવાસીઓના આ બલિદાનને વિશ્વ સમક્ષ ઉજાગર કર્યું છે. પાલ દઢવાવના શહીદોની યાદમાં વન અને ગોવિંદ ગુરુની સ્મૃતિમાં તેમના નામ સાથેની યુનિવર્સિટી ઉપરાંત રાજપીપલા ખાતે રૂ. ૩૪૧ કરોડના ખર્ચથી બિરસા મુંડા યુનિવર્સિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીએ હર ઘર તિરંગા અભિયાનમાં સૌને જોડાવા કરેલા આહવાનમા તમામ આદિવાસી બંધુઓને જોડાવા માટે અનુરોધ કર્યો હતો આદિજાતિ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે કહ્યું કે, આદિજાતિ બાંધવોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા પ્રયત્નોને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વધુ બળ આપી રહ્યાછે. તેઓ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતા કરી જરૂરી બજેટનું પ્રાવધાન કરી આપે છે. આદિવાસીઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે શિક્ષણ ખૂબ જરૂરી હોવા પર ભાર મૂકતા શ્રી પટેલે કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારોમાં નવી નવી શિક્ષણ સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. મેડિકલ, ઈજનેરી કોલજો પણ આ વિસ્તારોમાં મળી રહી છે. આદિવાસી છાત્રોને ઘર બેઠા ઉચ્ચ શિક્ષણ મળી રહ્યું છે. આદિવાસીના ગૌરવવંતા ઈતિહાસને યાદ કરતા સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આદિવાસી સમાજના વિકાસનો પાયો મુક્યો છે અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટેની નેમ વિવિધ વિકાસકાર્યોની ભેટ થકી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ લીમડી પટ્ટીના ૪૫ ગામોના ૬૬ તળાવો ભરવા માટેની પણ મૌખિક સંમતિ આપી છે. પ્રારંભમાં આદિજાતિ વિકાસ વિભાગના કમિશનર શ્રી દિલીપ રાણાએ સૌનો આવકાર કર્યો હતો. અંતમાં કલેકટર ડો. હર્ષિત ગોસાવીએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શીતલબેન વાઘેલા, ધારાસભ્ય અને પૂર્વ મંત્રીશ્રી બચુભાઈ ખાબડ, પૂર્વ ધારાસભ્યો, અગ્રણી શ્રી શંકરભાઈ અમલીયાર, પ્રભારી શ્રી રાજેશભાઈ પાઠક, મહેશભાઈ ભુરીયા, બી.ડી. વાઘેલા, નરેન્દ્ર સોની, આદિજાતિ વિભાગના સચિવ ડો. મુરલી ક્રિષ્ના, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી નેહાકુમારી, પદાધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં આદિવાસી બાંધવો ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ ભરૂચના જંબુસર ખાતે બ્રૂડસ્ટોક મલ્ટિપ્લિકેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યુ

## ભારત સરકારનો ઉદ્દેશ મત્સ્યપાલન અને જળચર ઉછેરમાં બ્રૂડ અને બીજમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાનો છેઃ કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલા





### વૈષ્ણવી એકવાટેક (BMC) 50000 ચો.મી.માં ફેલાયેલું ભારતનું સૌથી મોટું (BMC) બ્રૂડર મલ્ટિપ્લિકેશન સેન્ટર બનશે

કમલમ્ ન્યુઝ,

મેસર્સ વૈષ્ણવી એક્વાટેક, સુરતના દહેગામ ગામ, જંબુસર તાલુકા, ભરૂચ જિલ્લો, ગુજરાત ખાતે બ્રૂડ સ્ટોક મલ્ટીપ્લીકેશન સેન્ટરનું ઉદ્ઘાટન કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન અને ડેરી ઉદ્યોગ મંત્રી શ્રી પરશોત્તમ રૂપાલાએ આજે કર્યુ હતું. વૈષ્ણવી એક્વાટેક (BMC) ૫૦૦૦૦ ચો.મી. માં ફેલાયેલું ભારતનું સૌથી મોટું (BMC) બ્રૂડરમલ્ટિપ્લિકેશન સેન્ટર બનવા જઈ રહ્યું છે અને તે અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ હશે. વૈષ્ણવી એક્વાટેક ભારતમાં મ્સ્ઝની સ્થાપના કરવા માટે Moana Technologies LLC સાથે વિશિષ્ટ જોડાણ ધરાવે છે. આ પ્રસંગે શ્રી રૂપાલાએ જણાવ્યું હતું કે અમારી સરકારનો ઉદ્દેશ્ય માછીમારી અને જળચરઉછેરમાં બ્રૂડ અને બીજમાં આત્મનિર્ભરતા હાસલ કરવાનો છે. ભારત લગભગ US$4-5 બિલિયનના મૂલ્યની ઝીંગા નિકાસ સાથે વિશ્વના અગ્રણી ઝીંગા ઉત્પાદક દેશોમાંનો એક છે. શ્રિમ્પ બ્રૂડસ્ટોક મલ્ટિપ્લિકેશન સેન્ટર (BMC) નો અર્થ એ છે કે જ્યાં ન્યુક્લિયસ બ્રીડિંગ સેન્ટર (NBC)માંથી ચોક્કસ પેથોજેન ફ્રી/સ્પેસિફિક પેથોજેન ફ્રી ચજી PF પોસ્ટ લાર્વા (PL) લાવવામાં આવે છે. અહીં આ પોસ્ટ લાર્વા (PL)ને પુખ્ત બ્રૂડસ્ટોક બનાવવા માટે કડક જૈવ સુરક્ષા અને નજીકના રોગ દેખરેખ હેઠળ ઉછેરવામાં આવે છે અને જ્યારે તેઓ પુખ્ત બ્રૂડસ્ટોક બને છે ત્યારે તેમને હેચરીમાં પૂરા પાડવામાં આવે છે. શ્રી રૂપાલાએ વધુમાં જણાવ્યું હતું કે હેચરીને સપ્લાય કરવા માટે BMC એક વર્ષમાં લગભગ ૫૦૦૦ સક્ષમ SPF P. મોનોડોન બ્રુડરનું ઉત્પાદન કરી શકે છે. ભારતમાં શ્રિમ્પ હેચરીની સ્થાપના દેશમાં શ્રિમ્પ હેચરી ટેકનોલોજીના સ્થિરીકરણમાં ફાળો આપશે.

# આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ભુજ ખાતે બીએસએફની તિરંગા યાત્રા



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે હર ઘર તિરંગા અભિયાનના કરાયેલ આહ્વાનને પગલે બીએસએફ દ્વારા લોક જાગૃતિ અંતર્ગત ભુજ ખાતે બાઈક રેલીનું આયોજન કરાયું હતું. "હર ઘર તિરંગા'ના સંદેશ સાથે આજે સીમા સુરક્ષા દળ (BSF) દ્વારા ભુજના મુન્દ્રા રોડથી એક તિરંગા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલીમાં ૧૦૦ બીએસએફના જવાનોએ ભાગ લીધો હતો. બાઈક રેલીને કમાન્ડન્ટ શ્રી રાજકુમાર નેગીએ લીલી ઝંડી આપી હતી.

